જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૩/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૦૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૦૭	૦	૧૧૩૦૭	૧૭૪૨૭	૦	૧૭૪૨૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૧૩૭	૬૭	૨૯૨૦૪	૩૦૫૦૦	૬૬	૩૦૫૬૬
કુલ		૪૫૨૧૬	૬૭	૪૫૨૮૩	૫૪૪૩૧	૬૬	૫૪૪૯૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૬	૮,૯૩,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૦૦	૭,૦૦,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ક્રાઈમ બ્રાન્ચ

ઓટોરિક્ષામાં પેસેન્જરને બેસાડી નજર ચુકવી રોકડ રકમ તથા દરદાગીનાની ચોરી કરતી ગેંગના બે ઈસમોને પકડી પાડી ૧૪ ગુન્હાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના અધિક પોલીસ કમિશનરશ્રી પ્રેમ વીર સિંગ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ચૈતન્ય આર. મંડલીક સાહેબ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં એકલ દોકલ પેસેન્જરને શટલ રિક્ષામાં બેસાડી પેસેન્જરની નજર ચુકવી રોકડ રકમ, દરદાગીના તથા કિંમતી સર સામાનની ચોરીના ગુન્હાઓના ભેદ ઉકેલવા સારૂ સુચના તથા માર્ગદર્શન આપેલ.

જે સુચના તથા માર્ગદર્શન આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એન.ચાવડા નાઓના સ્કર્વાડના પો.સ.ઇ. શ્રી એસ.જે.વાઘેલા તથા પો.સ.ઈ. શ્રી વાય.જી.ગુર્જર નાઓએ સ્કર્વાડના માણસો સાથે આવા પેસેન્જર ચોરીના ગુન્હાઓ શોધી કાઢવા માટે પ્રયત્નો હાથ ધરેલ હતા.

દરમ્યાન તા.૧૬/૦૩/૨૦૨૧ ના રોજ સ્ટાફના હે.કો.મહેન્દ્રસિંહ ગુલાબસિંહ તથા પો.કો. રમેશકુમાર હીરદેરામ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે બહેરામપુરા મેલડીમાતાના મંદિર પાસેથી બે આરોપીઓ

(૧) અહેમદ @ કાલીયા સ/ઓ જમીલભાઇ અમીરભાઇ શેખ ઉ.વ.૪૨ હાલ રહે.ચાર તોડા કબ્રસ્તાનમાં ડબ્બા બજારની સામે ગોમતીપુર અમદાવાદ શહેર મૂળ રહે. અલ્લાનગર અંસારી મદ્રેસાની સામે એસ.ટી વર્કશોપ પાસે બહેરામપુરા અમદાવાદ શહેર

(૨) ફીરોજ @ ખજ્જા સ/ઓ ઉસ્માનભાઇ ઇશાભાઇ શેખ ઉ.વ.૪૦ રહે.જેઠાલાલની ચાલી મેલડી માતાના મંદિરની નજીક ડો.અમીત શાહના દવાખાનાની સામે બહેરામપુરા કાગડાપીઠ અમદાવાદ શહેર

નાઓ **(૧) રોકડા રૂ.૧૨૧૦૦૦/- (૨) બે આધારકાર્ડ તથા (૩) સી.એન.જી. ઓટોરીક્ષા નંબર જી.જે.૧ એ.વી.૩૧૩૯ કિંમત રુપિયા ૪૦૦૦૦/- મળી કુલ કિંમત રૂપિયા ૧૬૧૦૦૦/-** ની મત્તાનો મુદ્દામાલ સાથે મળી આવેલ.

જે મુદ્દામાલ તેઓએ ચોરી અગર છળકપટથી મેળવેલ હોવાનું જણાઈ આવતાં આ મુદ્દામાલ સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબજે લઇ આ આરોપીઓને તા.૧૬/૦૩/૨૦૨૧ ના કલાક ૧૬/૧૫ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

આ આરોપીઓની પુછપરછ તપાસ દરમ્યાન અમદાવાદ શહેરનાં અલગ-અલગ પોલીસ સ્ટેશનોના ૧૪ જેટલા ઓટોરિક્ષા પેસેન્જર ચોરીના ગુન્હાઓ આચરેલ હોવાનું જણાવેલ છે.

આરોપીઓની કબુલાત:-

(૧) તા.૦૧/૦૩/૨૦૨૧ ના રોજ ગીતામંદિર એસ.ટી બસ સ્ટેન્ડથી બે સ્ત્રી તથા બે પુરુષ અને એક નાના છોકરાને દાણાપીઠ જવાનુ હોય રીક્ષામાં બેસાડી ચાલુ રીક્ષાએ બ્લેડ મારી બેગમાંથી રોકડા રૂપિયા ચાર લાખની ચોરી કરેલ.

(૨) એકાદ વર્ષ પહેલા એક કપલને કાલુપુર રેલ્વે સ્ટેશન બહારથી રીક્ષામાં બેસાડેલ અને ખાડીયા જૈન ધર્મશાળા ખાતે જવાનુ હોય પેસેન્જરના પેન્ટના ખીસ્સામાંથી બ્લેડ મારી આશરે રોકડા રૂપિયા એક લાખ સીતેર હજાર કાઢી લીધેલ હતા.

(૩) આશરે પાંચેક મહીના પહેલા કાલુપુર રેલ્વે સ્ટેશન બહારથી એક કપલને વાસણા જવા માટે રીક્ષામાં બેસાડેલ અને રસ્તામાં ભગવાનનગર ટેકરા પાસે આવતા રીક્ષા બંધ કરી પેસેન્જરને રીક્ષા બગડી છે તેમ કહી રીક્ષાને ધકકો મારવા માટે નીચે ઉતરવાનુ કહેતા તેઓ નીચે ઉતરતા રીક્ષા ચાલુ કરી જતા રહેલ અને પેસેન્જરના બે થેલામાંથી દુપટ્ટાઓ, ઓઢણા, નાસ્તો તથા કપડાની ચોરી કરેલ.

(૪) સાડા ચારેક મહીના પહેલા બે પેસેન્જરોને દહેગામ સર્કલથી બેસાડેલ અને નરોડા ગેલેક્ષી પાસે ઉતારી રસ્તામાં પેસેન્જરના પેન્ટના ખીસ્સામાંથી બ્લેડ મારી આશરે રોકડા રૂપિયા એક લાખ કાઢી લીધેલ.

(૫) એક મહીના પહેલા સાંજના સમયે ઇસનપુર ચોકડીથી પેસેન્જરને સીટીએમ ચાર રસ્તા જવા માટે બેસાડેલ અને તેની બેગમાંથી રોકડા રૂ.૧૦૦૦૦/- કાઢી લીધેલ હતા.

(૬) દોઢેક મહીના પહેલા એસ.ટી. થી પેસેન્જરને બેસાડી પાલડી લઇ ગયેલ અને રસ્તામાં પેસેન્જરની બેગમાંથી રોકડા રૂ.૨૨૦૦૦/- કાઢી લીધેલ.

(૭) બે મહીના પહેલા નારોલથી વિશાલા સર્કલ પેસેન્જરને બેસાડી લઇ ગયેલ અને આ દરમ્યાન પેસેન્જરના પાકીટમાંથી રોકડા રૂ.૩૮૦૦/- કાઢી લીધેલ હતા..

(૮) બે મહીના પહેલા કાલુપુર રેલ્વે સ્ટેશન બહારથી પેસેન્જરને બેસાડી ગીતામંદિર એસ.ટી સ્ટેન્ડ ખાતે ઉતારેલ અને આ દરમ્યાન પેસેન્જરની બેગમાંથી રોકડા રૂ.૨૩૦૦૦/- કાઢી લીધેલ.

(૯) ચારેક મહીના પહેલા કાલુપુર રેલ્વે સ્ટેશન બહારથી પેસેન્જરને બેસાડી મેઘાણીનગર વિસ્તારમાં ઉતારેલ અને પેસેન્જરની બેગમાંથી રોકડા રૂ.૪૫૦૦૦/- કાઢી લીધેલ હતા.

(૧૦) બે વર્ષ પહેલા જશોદાનગર ચાર રસ્તાથી પેસેન્જરને બેસાડી સીટીએમ ચાર રસ્તા ઉતારેલ અને આ દરમ્યાન પેસેન્જરની બેગમાંથી રોકડા રૂ.૮૦૦૦૦/- કાઢી લીધેલ.

(૧૧) વીસેક દીવસ પહેલા કાલુપુર રેલ્વે સ્ટેશન બહારથી પેસેન્જરને બેસાડી પાલડી ચાર રસ્તા ઉતારેલ અને રસ્તામાં પેસેન્જરનુ રૂ.૨૦૦૦૦/- સાથેનું પાકીટ કાઢી લીધેલ.

(૧૨) વીસેક દિવસ પહેલા ગીતામંદિર એસ.ટી.થી પેસેન્જરને બેસાડી અમરાઇવાડી વિસ્તારમાં ઉતારેલ અને રસ્તામાં પેસેન્જરના ખીસ્સામાંથી રોકડા રૂ.૫૦૦૦/- કાઢી લીધેલા.

(૧૩) પચ્ચીસેક દીવસ પહેલા ગીતામંદિર એસ.ટી. થી પેસેન્જરને બેસાડી સી.ટી.એમ. ચાર રસ્તા

ઉતારેલ અને રસ્તામાં પેસેન્જરના ખીસ્સામાંથી રોકડા રૂ.૧૦૦૦/- કાઢી લીધેલા.
(૧૪) પંદરેક દીવસ પહેલા કાલુપુર રેલ્વે સ્ટેશન બહારથી પેસેન્જરને બેસાડી નરોડા પાટીયા ઉતારેલ અને રસ્તામાં પેસેન્જરના ખીસ્સામાંથી રોકડા રૂ.૩૩૦૦/- કાઢી લીધેલા.

શોધાયેલ ગુન્હા

(૧) ખાડીયા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૫૨૧૦૧૬૯/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯.૧૧૪ મુજબ.
(૨) ખાડીયા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૫૨૦૦૦૬૦/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯ મુજબ.
(૩) પાલડી પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૬૨૦૦૫૧૯/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબ.
(૪) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૨૫૦૪/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ:-

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી નં.૧ અહેમદ @ કાલીયા અગાઉ સને ૨૦૦૭ માં ખાડીયા પોલીસ સ્ટેશનમાં પેસેન્જરને રિક્ષામાં બેસાડી રોકડ રકમની ચોરી કરવાના ગુનામાં પકડાયેલ છે. તેમજ આરોપી નં.૨ ફીરોજ @ ખજ્જા અગાઉ નીચે મુજબના ગુનાઓમાં પકડાયેલ છે.
(૧) સને ૨૦૧૫ માં ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં મારામારીના ગુનામાં પકડાયેલ છે.
(૨) સને ૨૦૧૭ માં દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ટ્રાફિક પોલીસ સાથે ઘર્ષણ કરવાના ગુનામાં પકડાયેલ છે.
(૩) લોકડાઉનમાં કારંજ, દાણીલીમડા, ગા.હવેલી પો.સ્ટે. માં જાહેરનામા ભંગના કેસો થયેલ છે.
(૪) તેમજ રાજકોટ જેલમાં પાસા હેઠળ જઈ આવેલ છે.

ઉપરોકત પકડાયેલ આરોપીઓએ આ સિવાય અન્ય આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ ? તે બાબતે તેઓની સઘન પુછપરછ તપાસ ચાલુ છે.



નરોડા પોલીસ સ્ટેશન

પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન “વાહન ચોરીના” ગુનાના આરોપીને ચોરી કરેલ મોટર સાયકલ સાથે પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ મિલકત સબંધી ગુના શોધી કાઢવા સારૂ તેમજ મિલકત સબંધિ ગુના બનતા અટકાવવા સારૂ સખતમાં સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના “પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા” નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ. એ.એમ.પટેલ તથા સાથેના સર્વેલંન્સ સ્ક્વોડના માણસો પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન નરોડા સુતરના કારખાના પાસે આવતાં સાથેના પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ તથા એલ.આર પ્રવિણભાઇ વાઘાભાઇ નાઓએ સયુંક્ત બાતમી હકીકત આપેલ કે એક ઇસમ નામે જયવીરસિંહ દિલીપસિંહ પરમાર ઉ.વ-૨૮ ધંધો-નોકરી રહે મોટા ઠાકોરવાસ, સજનબેન ઠાકોરના મકાનમા,મામા કલ્યાણ પાસે,નરોડા,અમદાવાદ મુળ રહે ગામ-નવા સુદાસણા તા-સતલાસણા જી-મહેસાણાનાનો પોતાની પાસેનુ મો.સા કોઇ છળ કપટથી કે ચોરી કરેલ છે અને જે ઇસમ આહીથી પસાર થવાનો જે બાતમી આધારે સદર ઇસમને પકડીને સખતાઇથી પુછપરછ કરતાં પોતે આ મો,સા નરોડા હંસપુરા પોલીસ ચોકીની બાજુમા રોડ ઉપર પાર્ક કરેલ હતુ જે ત્યાથી ચોરી કરેલાનુ જણાવેલ જે મો.સા બાબતે પોકેટકોપમાં ચેક કરતાં સદર મો.સા.બાબતેનો “નરોડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૫૨૧૦ ૩૦૩/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુન્હો નોંધાયેલ હોઇ તો સદર ગુનાના કામે ચોરી માં ગયેલ ઉપરોક્ત સ્પ્લેન્ડર મો.સા નં- જીજે-૦૧-પી.એલ-૩૬૧૩ કિ રૂ ૨૦,૦૦૦/- ની મત્તાનુ છે તે સદર ગુના કામે કબજે કરી.આરોપીને તા.૧૭/૦૩/૨૦૨૧ ના કલાક ૨૨/૧૦ વાગે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી વાહન ચોરીનો ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.તા-૧૭/૦૩/૨૦૨૧.

મુદ્દામાલ – હીરો સ્પ્લેન્ડર મો.સા નંબર જીજે-૦૧.પી.એલ.૩૬૧૩ જેની કિ.રૂ.૨૦,૦૦૦/- ગણી શકાય તે

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કોન્સ પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં-૧૧૮૦૯ તથા પો.કોન્સ વિષ્ણુભાઇ હિરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર વિક્રમ પ્રેમસિંહ બ.નં-૧૨૪૨૨ તથા એલ.આર પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં-૫૧૬ તથા એલ.આર અભિષેક અશ્વિનકુમાર બ.નં-૭૦૦૫

આરોપીનુ નામ -

જયવીરસિંહ દિલીપસિંહ પરમાર ઉ.વ-૨૮ ધંધો-નોકરી રહે મોટા ઠાકોરવાસ,સજનબેન ઠાકોરના મકાનમા,મામા કલ્યાણ પાસે,નરોડા,અમદાવાદ મુળ રહે ગામ-નવા સુદાસણા તા-સતલાસણા જી-મહેસાણા



પ્રોહીબીશન ના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

ભારતીય બનાવટના વિદેશીદારૂની સીલબંધ બોટલ નંગ-૭૨ કિ.રૂ.૫૦૪૦૦/- ની મત્તાના વિદેશીદારૂના જથ્થા સાથે એક આરોપીને પકડી વિદેશીદારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " ડીવીજન અમદાવાદ શહેર નાઓ તરફથી પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા અવારનવાર સુચનાઓ આપેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારના પ્રોહી બુટલેગર તથા ચોરીછુપીથી પ્રોહીબીશનની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર અવાર નવાર વોચ રાખી રેઈડ કરી પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર બંધ કરાવવા સારૂ સર્વેલન્સ સ્કોડના માણસોને સુચના આપેલ હોય જે આધારે આજરોજ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે " નારોલ બાગેરહેમત સોસાયટીના મ.નં.સીA૦૮ માં રહેતો ઈમ્તિયાઝ મોહંમદઈશાક કુરેશીનાનો પોતાના ઘરે કેટલોક ભારતીય બનાવટના વિદેશીદારૂનો જથ્થો વેચાણ કરવા સારૂ લાવી ચોરીછુપીથી વેચાણ કરે છે. અને હાલમાં પ્રવૃતિ ચાલુ છે. " જે આધારે પંચો રૂબરૂ તપાસ કરતાં બાતમી હકિકતમાં જણાવેલ આરોપી ઈમ્તિયાઝભાઈ મોહંમદઈશાક જાતે કુરેશી ઉ.વ.૨૯ ધંધો.રિક્ષા ડ્રાઈવીંગ રહે.મ.નં.સી ૦૮ બાગેરહેમત સોસાયટી અલીફનગર સોસાયટીની સામે સદાની ધાબી પાસે નારોલ અમદાવાદ શહેરના કબ્જાના મકાનમાં રેઈડ દરમ્યાન ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૫૦ મીલીની કાચની સીલબંધ બોટલ નંગ.૭૨ કિ.રૂ.૫૦૪૦૦/- તથા મોબાઈલ ફોન નંગ.૦૧ કિ.રૂ.૭૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૫૭૪૦૦/- ની મત્તાનો વિદેશીદારૂનો જથ્થો મળી આવેલ અને તેને વિદેશીદારૂનો જથ્થો નહી પકડાયેલ આરોપી આયેશાબાનો સાજીદખાન પઠાણ રહે.મ.નં.૦૫, આબાદનગર સોસાયટી બાગેકૌશર સોસાયટીની બાજુમાં કેનાલ રોડ નારોલ અમદાવાદ શહેરનાએ વેચાણથી આપેલ હોય જેથી તેઓ બંને તથા તપાસમાં મળી આવે તે તમામ વિરુધ્ધમાં નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૦૧૭૭/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૬૬(બી), ૧૧૬(બી), ૮૧ મુજબનો ગુનો રજીસ્ટર કરી વિદેશીદારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૧૭/૦૩/૨૦૨૧



પીસીબી

" સોલા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રહેણાંક મકાનમા રાખેલ વિદેશી દારુની બોટલો નંગ-૨૫ કિ.રુ.૩૭,૭૫૦/ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ્લે રુપિયા ૪૭,૯૦૦/ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃત્તિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૭.૦૩.૨૦૨૧ ના રોજ સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ, અહેકો શૈલેષભાઈ દેવાભાઈ તથા અહેકો કૃષ્ણરાજસિંહ હનુભા વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મુકેશભાઈ રામાભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે મકાન ન.એ/૧૦૧ પરિવાર હોમ્સ વોડાફોન ઓફિસની પાછળ દેવનગર ગામ સોલા અમદાવાદ શહેર ખાતે રેઈડ કરી મકનમા સંતાડેલ થી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની સીલબંધ બોટલો નંગ ૨૫ કિમત રુપિયા ૩૭,૭૫૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૪૭૯૦૦/- ના મુદામાલ સાથે આરોપી રાકેશ ઉર્ફે રાકલો બંસીલાલ ડાભી ઉવ.૨૪ રહે.મકાન ન.એ/૧૦૧ પરિવાર હોમ્સ વોડાફોન ઓફિસની પાછળ દેવનગર ગામ સોલા અમદાવાદ શહેરને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી સોલા હાઇકોર્ટ પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૪૫૨૧૦૨૩૨/૨૦૨૧ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(૧)(બી),૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપી: **રાકેશ ઉર્ફે રાકલો બંસીલાલ ડાભી ઉવ.૨૪ રહે, મકાન ન.એ/૧૦૧ પરિવાર હોમ્સ વોડાફોન ઓફિસની પાછળ દેવનગર ગામ સોલા અમદાવાદ શહેર**

વોન્ટેડ આરોપી : **અક્ષય ઠાકોર જેનુ પુરુનામઠામ જાણવા મળેલ નથી.**

ગુનાની જગ્યા : **એ/૧૦૧ પરિવાર હોમ્સ વોડાફોન ઓફિસની પાછળ દેવનગર ગામ સોલા અમદાવાદ શહેર ખાતે**

પકડાયેલ મુદામાલ (૧) ભારતીય બનાવટના વિદેશી દારુની સીલબંધ બોટલો નંગ ૨૫ કિ.રુ.૩૭૭૫૦/ (૨) મોબાઇલ ફોન નંગ ૧ કિ.રુ.૧૦૦૦૦/- (૩) રોકડ નાણા રુપિયા ૧૫૦/- નો મુદામાલ મળી કુલ્લે રુ.૪૭,૯૦૦/- નો મુદામાલ



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૦૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૮૭ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૩૭ કવાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૧૬૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૦૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૫૦૬/૨૦૨૧**

નરોડાઃ ગુલાબરાય કીશનચંદ લાલવાણી (રહે. અભીનવ એપાર્ટમેન્ટ કૃષ્ણનગર ચાર રસ્તા પાસે નરોડા) એ તા.૧૭/૦૩/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૩/૨૦૨૧ કલાક ૪/૦૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા પાટીયા અભીનવ એપાર્ટમેન્ટમાં રૂમ નંબર-૪૮૩ દુકાન નં-૫,૬ ગણેશ સ્ટોર એન્ડ શિવશક્તી સુગર ભંડાર નામની દુકાનના શટરના તાળા તોડી એક ઓટોરીક્ષામાં આવેલ બે-ત્રણ પુરૂષ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી તેલના ૧૫-૧૫ કીલો વજનના તેલના ડબ્બા નંગ-૧૭ કિમત રૂપિયા ૪૦,૨૫૦/-, તેલના ડબ્બા ૫-૫ લીટરના તેલના ડબ્બા નંગ-૧૧ કિમત રૂપિયા ૮૨૧૦/- તથા મગ દાળના ૩૦ કીલો વજનના કટ્ટા નંગ-૨ કિમત રૂપિયા ૫૪૦૦/- મળી કુલ રૂપિયા ૫૩,૮૬૦/- મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

ચાંદખેડાઃ મોટેરા શ્રી નરેન્દ્ર મોદી સ્ટેડીયમ કલબ હાઉસ સ્ટાફરૂમ ખાતે રહેતા બ્રીજમોહન શ્રીલખપતસિંગ કશ્યપ એ તા.૧૭/૦૩/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૩/૨૦૨૧ કલાક ૧૨/૦૦ થી તા.૧૨/૦૩/૨૦૨૧ રાતના ૧૨/૦૦ વાગ્યા પહેલા સ્ટાફરૂમમાં પ્રવેશ કરી અજાણી વ્યક્તિ બ્રીજમોહન કશ્યપની ટ્રોલી બેગની ડુપ્લીકેટ ચાવીથી તાળુ ખોલી રોકડ રૂપિયા ૧,૨૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ .ચૌધરી ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૫૦૭/૨૦૨૧**

નારોલઃ રેખાબહેન વિનોદભાઇ પંચાલ (ઉ.વ.૪૯) (રહે. પારસનગર વિભાગ-૧ જ્યોતિ સ્કુલ સામે ઇસનપુર-વટવા રોડ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૩/૨૦૨૧ સાજના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ. શ્રી એસ.એ.કુલધારા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૦૮/૨૦૨૧**

રિવરફ્રન્ટ વેસ્ટઃ (૧) આશાબહેન રમેશકુમાર શર્મા (ઉ.વ.૪૨) (રહે. શ્રી નંદસીટી-૧૦ ન્યુ.મણીનગર રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૩/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા જમાલપુર સરદારબ્રીજ નીચે રિવરફ્રન્ટ નદીના પાણીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

રિવરફ્રન્ટ વેસ્ટઃ (૨) જયંતીભાઈ અરજણભાઈ આહીર (ઉ.વ.૪૨) (રહે.આહિરની ચાલી ભરવાડવાસ રાધે કૃષ્ણ મંદિર પાસે ગુપ્તાનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૩/૨૦૨૧ રાતના ૧૧/૫૦ વાગ્યા પહેલા સરદારબ્રીજ નીચે વોક-વે નજીક રિવરફ્રન્ટ નદીના પાણીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

રિવરફ્રન્ટ ઈસ્ટઃ પિયુશભાઇ અમરતભાઇ મકવાણા (ઉ.વ.૨૮) (રહે. જયુપિટર મીલ ગુરુદ્વારાની બાજુમાં દુધેશ્વર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૩/૨૦૨૧ કલાક ૮/૫૫ વાગ્યા પહેલા કાળભૈરવ મંદીર સામે નદીમાં ઉતરવાની સીડી પાસે સાબરમતી નદીના રીવરફ્રન્ટ વોક-વે ઇલેક્ટ્રીક પોલ નજીક નદીના પાણીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

કૃષ્ણનગરઃ પ્રમોદકુમાર જ્ઞાનેશ્વર રામતેકે (ઉ.વ.૩૪) (રહે. રાજીવપાર્ક સોસાયટી કેનાલ પાસે સરદાર ચોક રોડ કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૩/૨૦૨૧ કલાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર મણીલાલ ચલાવે છે.

રામોલઃ આરતીબહેન ડો/ઓ કીશનબહાદુર ગોરખા (ઉ.વ.૩૧) (રહે. બ્લોક નંબર-૫/૬૬ ચાર મળીયા ન્યુ મણીનગર ગરીબ આવાસ યોજના) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૩/૨૦૨૧ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે રસોડાના છતના હુંકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ. શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી